# આણંદ કૃષિ યુનિવર્સિટી

**આણંદ-૩૮૮ ૧૧૦**

પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિની રકમમાં વધારો મંજૂર કરવા બાબત...

---

વંચાણે લીધો ::- તારીખ ૨૪.૦૯.૨૦૧૬ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૪૩મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૩.૧૬નો ઠરાવ

## જાહેરનામું

આથી સંબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા. ૨૪.૦૯.૨૦૧૬ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૪૩મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૩.૧૬થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના નિયંત્રણ હેઠળ ચાલતા પ્રમાણપત્ર અભ્યાસક્રમો, માળી તાલીમ, બેકરી તાલીમ અને મરઘાં તાલીમમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને હાલ માસિક શિષ્યવૃત્તિ/સ્ટાઈપેન્ડ રૂા. ૧૯૦/- ચૂકવવામાં આવે છે તેમાં હાલની મોંઘવારીને ધ્યાને લઈ છેલ્લાં ઘણાં વર્ષોથી ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિ/સ્ટાઈપેન્ડની માસિક રકમ રૂા. ૧૯૦/- માં વધારો કરી માળી તાલીમ, બેકરી તાલીમ અને મરઘાં તાલીમના અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ/સ્ટાઈપેન્ડ માસિક રૂા. ૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) નિયામક મંડળ મંજુર કરે છે."

**(અરૂણ પટેલ)**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં.આકૃયુ/વિશિનિ/નિમં-૪૩/ ૪૩૫૨-૫૬ /૨૦૧૬:
તા. ૨૭.૧૦.૨૦૧૬

**<u>નકલ સવિનય સહ રવાના</u> ::-**

(૧) નિયામક મંડળના માન.સભ્યશ્રીઓ (તમામ)...તરફ જાણ સારૂં...
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ...તરફ જાણ સારૂં...
(૩) યુનિવસિટીના તમામ આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ...તરફ જાણ સારૂં...
(૪) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ જાણ સારૂં...
(૫) માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ જાણ સારૂં...
(૬) કુલસચિવશ્રી, એકેડેમીક/બોર્ડ શાખા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ **વધારાની ૨૫ નકલો** સહિત જાણ તથા ઘટતું થવા વિનંતી સહ...

**<u>નકલ રવાના</u> ::-**

પ્રમાણપત્ર અભ્યાસક્રમોના વડાશ્રીઓ - (૧) માળી તાલીમ કેન્દ્ર, (૨) બેકરી શાળા અને (૩) મરઘાં પાલન તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ ઘટતું થવા સારૂં...